# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 07.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : SATURDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

*****************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્પાદકતા અને નિકાસ ક્ષમતા વધારવા ભારતની આબોહવાની પરિસ્થિતિઓનો સંપૂર્ણ ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

**2)** રાયસીના ડાયલોગ દરમિયાન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર વિવિધ દેશોના નેતાઓ સાથે મુલાકાત કરી

**3)** નેપાળમાં સામાન્ય ચૂંટણીઓની મત ગણતરીમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીની સરસાઇ

**4)** અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઈરાનની બિનશરતી શરણાગતિની માંગ કરી- ઈરાની રાષ્ટ્રપતિએ જણાવ્યું કેટલાક દેશોએ સંઘર્ષને ઉકેલવા માટે મધ્યસ્થી પ્રયાસો શરૂ કર્યા છે.

**5)** લક્ષ્ય સેને ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પુરુષોની સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MORN-PM-WEBINAR-AGRICULTURE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્પાદકતા અને નિકાસ ક્ષમતા વધારવા માટે ભારતની વિવિધ આબોહવાની પરિસ્થિતિઓનો સંપૂર્ણ ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગઈકાલે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા "કૃષિ અને ગ્રામીણ પરિવર્તન" વિષય પર એક વેબિનારને સંબોધતા, પ્રધાનમંત્રીએ દેશના કૃષિ ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે ઉચ્ચ-મૂલ્યવાળા પાકોનું ઉત્પાદન વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

## BYTE: PM-GLOBAL-DEMAND

મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર પર બોલતા, શ્રી મોદીએ જણાવ્યું હાલમાં વિવિધ જળાશયો અને તળાવોમાં આશરે **4** લાખ **50** હજાર ટન માછલીનું ઉત્પાદન થઈ રહ્યું છે, જેમાં **2** મિલિયન ટન વધારાની સંભાવના છે. શ્રી મોદીએ દરીયાઈ અર્થતંત્રની સંભાવનાને સાકાર કરવા માટે હેચરી, ફીડ અને લોજિસ્ટિક્સમાં નવા વ્યવસાય મોડેલની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# SHAH-ODISHA PROJECTS

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે ઓડિશામાં **3,770** કરોડ રૂ. થી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આમાં રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ, ઓડિશા રાજ્ય સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને

રાજ્ય સરકારના વિવિધ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. શ્રી શાહે ભારતીય ખેડૂત ખાતર સહકારી લિમિટેડના પારાદીપ યુનિટ ખાતે ત્રીજા સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કર્યું. શ્રી શાહે ભુવનેશ્વરમાં સહકારી વિકાસ પરિષદને પણ સંબોધિત કરી.

શ્રી શાહે જણાવ્યું કે આ પ્રોજેક્ટ્સ ઓડિશાના વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે કહ્યું કે સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટ સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવશે અને રાસાયણિક ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

તેમણે ઓડિશામાં રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કેમ્પસનો શિલાન્યાસ પણ કર્યો અને તેના કામચલાઉ કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું. શ્રી શાહે કહ્યું કે કેન્દ્ર અને ઓડિશા સરકાર અમૂલ મોડેલની જેમ રાજ્યના દરેક ગામમાં મજબૂત સહકારી માળખું બનાવવા માટે સાથે મળીને કામ કરશે.

શ્રી શાહે જણાવ્યું કે કેન્દ્ર સરકારે ડાબેરી ઉગ્રવાદને દૂર કરવા માટે પ્રયાસો વધુ તીવ્ર બનાવ્યા છે અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મહિનાના અંત સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે.

## JAISHANKAR--BILATERAL-TALKS-RAISINA

રાયસીના ડાયલોગ **2026** દરમિયાન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે શ્રીલંકા, ભૂટાન, મોરેશિયસ, કેન્યા, માલ્ટા, સેશેલ્સ અને રવાન્ડાના વિદેશ મંત્રીઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથ સાથેની તેમની વાતચીત દરમિયાન, બંને નેતાઓએ તેમના દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. ભૂટાનના અને મોરેશિયસના વિદેશ મંત્રી સાથેની મુલાકાત દરમિયાન, વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. કેન્યાના વિદેશ મંત્રી સાથે બંને દેશો વચ્ચેના સંબંધોની ચર્ચા કરી. માલ્ટિઝ ,સેશેલ્સ અને રવાન્ડાના વિદેશ મંત્રી સાથે દરિયાઈ ઉદ્યોગ આર્થિક અને ડિજિટલ સહયોગ સહિતને મુદ્દે ચર્ચા કરી.

# NEPAL

નેપાળમાં 275 વિધાનસભા બેઠકો માટે એક જ તબક્કામાં ચૂંટણી થયા બાદ મતગણતરી ચાલી રહી છે.

અમારા સંવાદદાતા પાસેથી સાંભળીએ વધુ માહિતી

**VC- WN--JAYA-ON-NEPAL**

# PREZ-WEST BENGAL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગની એક દિવસની મુલાકાતે જશે, જે દરમિયાન તેઓ આંતરરાષ્ટ્રીય સંથાલ પરિષદના 9માં આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનમાં હાજરી આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## NT.-WAR-WEST-ASIA-UPDATES

ઇઝરાયલ, અમેરિકા અને ઇરાનના સંયુક્ત દળો વચ્ચેના સંઘર્ષનો આજે આઠમો દિવસ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાન સાથેના કોઈપણ સમાધાનને નકારી કાઢ્યું છે અને તેના બિનશરતી શરણાગતિ માંગી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે જો ઇરાન શરણાગતિ સ્વીકારે છે, તો અમેરિકા અને તેના સાથીઓ ઇરાનના આર્થિક પુનર્નિર્માણમાં મદદ કરશે.

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકા ઇરાની હવાઈ ક્ષેત્ર પર નિયંત્રણ મેળવવા તરફ પ્રગતિ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકા ઇરાનનું નેતૃત્વ કરવા માટે સંભવિત ઉમેદવારો પર વિચાર કરી રહ્યું છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ઈરાનના રાષ્ટ્રપતિ સાથે ફોન

પર વાતચીત કરી હતી. ઈરાનના સર્વોચ્ચ નેતા, વરિષ્ઠ અધિકારીઓ અને નાગરિકોના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે રાજદ્વારી ઉકેલ પર ભાર મૂક્યો.

દરમિયાન, ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું છે કે કેટલાક દેશોએ અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને ઉકેલવા માટે મધ્યસ્થી પ્રયાસો શરૂ કર્યા છે.

દરમિયાન, અમેરિકાએ સમુદ્રમાં ઇરાની ડ્રોન કેરિયર પર હુમલો કર્યા પછી, ઇઝરાયલે ઇરાન અને લેબનોનમાં અનેક લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા.. ઇઝરાયલી સૈન્ય અનુસાર, 2,500 થી વધુ હુમલા કરવામાં આવ્યા છે, જેમાં ઇરાનની 80 ટકા હવાઈ સંરક્ષણ પ્રણાલીનો નાશ થયો છે.

ચાલી રહેલા સંઘર્ષમાં અત્યાર સુધીમાં 1,200 થી વધુ ઇરાનીઓ માર્યા ગયા છે, જ્યારે લગભગ એક ડઝન ઇઝરાયલી અને છ અમેરિકન સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

કતારે બહેરીન પર ઈરાનના હુમલાની નિંદા કરી કહ્યુ, આ સંઘર્ષને કારણે તેલના ભાવમાં વધારો થયો છે. કતારના ઉર્જા મંત્રીએ વૈશ્વિક આર્થિક અસરની ચેતવણી આપતા કહ્યું હતું કે ગલ્ફ દેશોમાંથી ઉર્જા નિકાસ ઘટી શકે છે અને કાચા તેલના ભાવ હજી વધી શકે છે કતારના હવાઈ સંરક્ષણ દળોએ આજે દોહામાં અલ-ઉદેદ એર બેઝને નિશાન બનાવીને કરવામાં આવેલા ડ્રોન હુમલાને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો.

અમેરિકી કમાન્ડર બ્રેડ કૂપરે કહ્યું હતું કે યુએસ બોમ્બરોએ છેલ્લા **72** કલાકમાં ઈરાનની અંદર આશરે **200** લક્ષ્યો પર હુમલો કર્યો છે.દરમિયાન, ઈરાનના નાયબ વિદેશ મંત્રીએ , હોર્મુંઝ સ્ટ્રેટ બંધ થવાના અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા.

# PURI-FUEL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું છે કે ભારતમાં ઊર્જાની કોઈ અછત નથી અને ગ્રાહકોએ ચિંતા કરવાની જરૂર નથી. નવી દિલ્હીમાં બોલતા, પુરીએ કહ્યું કે સરકારની પ્રાથમિકતા જનતા માટે સસ્તું અને ટકાઉ બળતણ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની છે, અને તે અસરકારક રીતે આમ કરી રહી છે. તેમણે ભૂ-રાજકીય પડકારો છતાં ભારતની અવિરત ઊર્જા આયાતના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડ્યો.

દરમિયાન, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર ફરતા પેટ્રોલ અને ડીઝલની અછતના અહેવાલો પાયાવિહોણા છે. કંપનીએ જણાવ્યું કે ભારતમાં પૂરતો બળતણ ભંડાર છે. તેમણે લોકોને ગભરાટ ન કરવા અથવા પેટ્રોલ પંપો પર ભીડ ન કરવા અને સચોટ માહિતી માટે ફક્ત સત્તાવાર સ્રોતો પર આધાર રાખવા વિનંતી કરી.

# BADMINTON

ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, લક્ષ્ય સેન પુરુષો સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ્યા છે. ગઇકાલે ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્ય એ ચીનના લી શી ફેંગને હરાવી **21-13, 21-16** થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે સેમિફાઇનલમાં લક્ષ્યનો સામનો કેનેડાના વિક્ટર લાઇ સામે થશે.

મિક્સ ડબલ્સમાં, ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી હોંગકોંગની જોડી સામે હાર્યા બાદ સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ છે.

# INDIA-IRAN SHIP

ભારતે કેરળના કોચી ખાતે ઈરાનના જહાજને ઇમરજન્સી ડોકીંગ પરવાનગી આપી છે અને **183** ક્રૂ સભ્યો માટે રહેવાની વ્યવસ્થા કરી છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રીલંકાના દક્ષિણમાં આઇરિસ દેના ઘટનાના થોડા દિવસો પહેલા, ઈરાને ભારતને તેના જહાજ આઇરિસ લવણ ને આશ્રય આપવા વિનંતી કરી હતી, જે આંતરરાષ્ટ્રીય ફ્લીટ સમીક્ષા માટે આ વિસ્તારમાં હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા મહિનાની **28**મી તારીખે વિનંતી પ્રાપ્ત થઈ હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે જહાજમાં ટેકનિકલ ખામી સર્જાઈ છે અને કોચી ખાતે ડોકીંગ કરવાની તાત્કાલિક જરૂર છે.

# NCB-SEIZURE

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો -**NCB** એ નેપાળ, ભારત અને શ્રીલંકામાં કાર્યરત આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ દાણચોરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. **NCB** ના ચેન્નાઈ અને હૈદરાબાદ ઝોનલ યુનિટ્સ દ્વારા સંયુક્ત કાર્યવાહીમાં, 77 લિટરથી વધુ હશીશ તેલ અને 2 કિલોગ્રામ ચરસ જપ્ત કરવામાં આવ્યું છે . આ કાર્યવાહીમાં એક માછીમારી બોટ પણ જપ્ત કરવામાં આવી હતી. **NCB** એ જણાવ્યું હતું કે શ્રીલંકાના શરણાર્થી સહિત પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ મુજબ, આ પ્રતિબંધીત પદાર્થો નેપાળના કાઠમંડુથી સોનાલી ભારત-નેપાળ સરહદ દ્વારા ભારતમાં દાણચોરી કરવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ પટેલ

- મોટાભાગના અખબારોમાં રશિયા પાસેથી ભારત ક્રૂડ ખરીદશે તે સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ભારતને રશિયા પાસેથી ક્રૃડ ખરીદવા ટ્રમ્પ દ્વારા મંજૂરી અપાઈ તે ગુજરાત સમાચારની હેડલાઈન છે.
- દિવ્ય ભાસ્કરે યુપીએસસી ટોપર રાજસ્થાનના અનુજ અને ગુજરાતનાં 34 ઉમેદવારો પાસ થયા તેને મુખ્ય સમાચાર બનાવ્યા છે
- ઇઝરાયેલ યુદ્ધ જહાજ તેહરાન અને બેરૂત પર ત્રાટક્યા તે નવગુજરાત સમયના મુખ્ય સમાચાર છે
- રાંધણ ગેસ અછતની આશંકાની વાત ફૂલછાબમાં પ્રથમ પાના પર કરી છે